મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

સિવિલમાં દર્દીને એકસપાયરી ડેટનો બોટલ ચડાવતા હોબાળો..!

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સવારે દર્દીના સગાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. અકસ્માતમાં ઘાયલ દર્દીને તાત્કાલિક વિભાગમાં સ્ટાફ દ્વારા ગ્લુકોઝની બોટલ ચડાવવામાં આવી હતી. તે બોટલ એકસપારી ડેટની હોવાનું જણાતા સગાઓએ હોબાળો મચાવતા લોકોનું ટોળું મોટી સંખ્યામાં એકઠું થઈ ગયું હતું. ત્યારબાદ સ્ટાફની બેદરકારીને પગલે દર્દીના સગા દર્દીને લઈ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત સિવિલમાં દર્દીઓને આરોગ્ય લક્ષી સેવાઓ તો મળતી નથી પરંતુ સિવિલમાં સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પાટનગરની સિવિલમાં એકસ-રે મશીન ડચકા ખાય છે. સોનોગ્રાફી માટે એક માસનું દર્દીઓને વેઈટીંગ તો બીજી તરફ સીટી સ્કેન મશીનની રાહ જોઈને દર્દીઓની આંખો પણ નબળી પડી ગઈ છે. પાટનગરની હોસ્પિટલની જ આ વરવી વાસ્તવિકતા છે. તો છેવાડાના શહેરની સિવિલની શું હાલત હશે તે કલ્પી શકાય છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં જયાં વીવીઆઈપીઓ વસવાટ કરે છે. જયાંથી સમગ્ર રાજયમાં આરોગ્યલક્ષી યોજનાઓનો અમલ થાય છે. ત્યારે ગાંધીનગરની સિવિલની હાલત કફોડી થવા પામી છે. સિવિલ રોજ નવી સમસ્યાનો સામનો કરે છે ત્યારે આજે વધુ એક સ્ટાફની બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં મળતી માહિતી મુજબ આજે સવારે અકસ્માતમાં ઈજા પામનાર દર્દીને લઈને સ્નેહીજનો આવ્યા હતા. તાત્કાલિક વિભાગમાં દર્દીને સારવાર આપવામાં આવી રહી હતી તે દરમિયાન ગ્લુકોઝની બોટલ ચડાવાઈ હતી. પરંતુ દર્દીના સગાની નજર તેની એકસપાયરી ડેટ પર પડી હતી. જેને પગલે દર્દીના સગાએ સ્ટાફનું ધ્યાન દોરતા તાત્કાલિક કાઢી લેવાઈ હતી. ત્યારબાદ સ્ટાફમાં હાજર કર્મીએ તમામ ગ્લુકોઝની બોટલ ચકાસણી કરી હતી. પરંતુ માત્ર આ એક જ બોટલ એકસપાયરી ડેટની નજરે પડી હતી. ગ્લુકોઝની બોટલને પગલે સગાઓએ હોબાળો મચાવતા લોકો એકઠા થઈ ગયા હતા. બાદમાં દર્દીને લઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જો કે હાજર અન્ય કર્મચારીઓએ સ્નેહીજનોને સમજાવી મામલો શાંત પાડયો હતો.

સેન્ટ ઝેવિયર્સમાં કેન્ટિન ડે ઉજવાયો

શાળાઓમાં બાળકોની પ્રતિભાનો બહુમુખી વિકાસ થાય તે હેતુથી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. શહેરની સે-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં આયોજિત 'કેન્ટિન ડે' ની ઉજવણીમાં બાળકોએ ઉત્સાહભેર વિવિધ વાનગીઓના સ્ટોલ્સ રાખ્યા હતા. આ સ્ટોલ્સમાં બાળકોએ ખાણીપીણી વાનગી બનાવવા સાથે તેનું વેચાણ પણ કર્યું હતું. જયારે અન્ય બાળકોએ તેની ખરીદી કરી સહકાર આપ્યો હતો.

મોચી સમાજના તેજસ્વી તારલાઓ સન્માનાશે

શહેર મોચી સમાજ, ગાંધીનગર દ્વારા આગામી ૭ જાન્યુઆરી ૨૦૧૮ના રવિવારના રોજ સ્નેહમિલન તથા ધો-૧ થી ૧૨ના તેજસ્વી તારલાઓને બિરદાવવા તથા સમાજના વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનારનું સન્માન તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર મોચી સમાજ સંસ્થાના મંત્રી હસમુખભાઈ વાઘેલા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ રવિવાર ૭ જાન્યુઆરીના સવારે ૯.૦૦ કલાકથી કાર્યક્રમની શરુઆત થશે. કાર્યક્રમનું આયોજન સેકટર-૨૩, કડી સ્કુલ કેમ્સ, બ્રહ્માણી હોલ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

ધોરણ ૧ થી ૧૨ના માર્કશીટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા અંગેની માહિતી તા. ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં પ્લોટ નં. ૩૮૨/૨, સે-૨-બી, ગાંધીનગર અથવા મહેન્દ્રભાઈ રાઠોડ મો. ૯૮૯૮૦ ૬૭૮૧૩ને પહોંચાડવાની રહેશે. સદર કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા તમામ મોચી જ્ઞાતિ બંધુઓને વિનંતી કરવામાં આવી છે.

@ગાંધીનગર

● સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે અમૃત મહોત્સવમાં સવારે ૮.૦૦ કલાકે ધુન, સત્સંગ, સભા, મહાનૈવેધ અને બપોરે ૩.૩૦ કલાકે હરિ પૂજન મારૂતિ યજ્ઞ રાત્રે ૮ કલાકે અમૃત તુલાવિધિ સત્સંગ સભા યોજાશે.

વાતવાતમાં

● શુક્રવારે સવારે સે-૨૩માં કડી કેમ્પસના ખિમજી વિશરામ હોલ ખાતે સીઆઈડી ક્રાઈમના પોલિસ મહાનિર્દેશક આશિષ ભાટિયાના હસ્તે મહિલા અને વિદ્યાર્થીઓ મળીને ૧૧૦૦ જેટલાને 'પોલિસ મિત્ર'ની નિમણૂંક આપી તેના આઈ કાર્ડ અપાશે. આ પોલિસ મિત્રો રાજયમાં મહિલા અને બાળકોના પ્રશ્નોનું નિરાકરણ તથા જાગૃતિ લાવવા તથા તપાસમાં પોલિસને મદદરૂપ થશે.

● ગાંધીનગરના ક-૭ સર્કલે બુધવારે મોડી રાત્રે એક મંત્રીના દિકરાના ફાસ્ટ ફુડ સેન્ટરે બબાલ સાથે 'ધોકાવાળી' થવા પામી હતી. આ બાબતની જાણ પોલિસને થતા પોલિસ દોડતી થઈ ગઈ હતી. પરંતુ આશ્ચર્યજનક રીતે હજુ સુધી પોલિસના ચોપડે આ બનાવની કોઈ ફરિયાદ કે નોંધ થવા પામી નથી.

● શહેરમાં નાતાલ પર્વની ઉજવણીનો ખ્રિસ્તી સમુદાય દ્વારા ઉત્સાહભેર પ્રારંભ કરી દેવાયો છે. આ સાથે શહેરમાં અનેક ઠેકાણે સાંતાકલોઝની ટોપીથી માંડીને અન્ય વસ્ત્રો તથા એકસેસરીઝ વેચતા ફેરિયા ફરતા જોવા મળી રહ્યા છે.

સે-૨૧ સાર્થક ફલેટમાં મકાનનું તાળુ તોડી રૂપિયા ૪.૫૭ લાખની ઘરફોડ

ગાંધીનગર, તા.૨૧

ભાવનગર આર એન્ડ બી વિભાગમાં કાર્યપાલક ઈનેજર તરીકે ફરજ બજાવતા અધિકારીનું પરિવાર ગાંધીનગર શહેરના સે-૨૧ ખાતે વૈજનાથ મંદિરની પાછળ આવેલા સાર્થક એપાર્ટમેન્ટમાં રહે છે. તેમના બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરો દિકરીના લગ્ન માટે ખરીદીને મુકેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૧.૨૫ લાખ મળી મકાનમાંથી કુલ રૂ. ૪.૫૭ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયાની ઘટના પ્રકાશમાં આવી છે. અધિકારીની પત્નિની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે ગુનો નોંધી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

અધિકારીના પત્નિ રમીલાબેન ભાનુભાઈ મડીયાએ આપેલી ફરિયાદ મુજબ રમીલાબેનને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પતિ ભાવનગર ડયુટી હોવાથી ત્યાં રહે છે. એક દિકરી અનુરાધા તેમની સાથે રહે છે અને છેલ્લા અઠવાડીયાથી રમીલાબેન તેમના વતનમાં મકાનનું કામકાજ ચાલતુ હોવાથી ત્યાં ગયા હતા. આ મકાનમાં અઠવાડીયાથી તેમની દિકરી અનુરાધા એકલી રહેતી હતી. મંગળવારે અનુરાધા આ ફલેટના મકાનને તાળુ મારીને બપોરે ૧૨ વાગ્યે તેણી મમ્મીના વતને ગઈ હતી. ગઈ કાલે સવારે આઠેક વાગ્યે તે માતા-દિકરી વતને હતા ત્યારે પડોશમાં રહેતા પંકજભાઈ કોટકનો ફોન આવ્યો કે તમારા ફલેટમાં દરવાજાનું તાળુ તુટેલું છે. માતા-દિકરી ગાંધીનગર આવી પહોંચ્યા અને ભાવનગર રહેતા પતિ ભાનુભાઈને પણ જાણ કરી બોલાવી લીધા હતા. મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કરો સોનાના કડા, મંગળસુત્ર, બે બંગડીઓ, બે ચેઈન, બે વીંટી, કાનની બુટ્ટી, ચાંદીના જુડા અને ઝાંઝર સહિતના સોના ચાંદીના દાગીના તથા રૂ. ૧.૨૫ લાખ રોકડ મળી કુલ રૂ. ૪,૫૭,૬૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ રમીલાબેનની દિકરીના ફેબ્રુઆરી માસમાં એટલે કે બે મહિના પછી લગ્ન લેવાના છે તેની તૈયારીઓના ભાગરૂપે દાગીના અને કેશ ઘરમાં પડી હતી. સે-૨૧ પોલિસે રમીલાબેન મડીયાની ફરિયાદ આધારે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોર્ડ બોલાવી સેકન્ડ પી.આઈ. ટી.એલ. વાઘેલાએ વધુ તપાસ શરુ કરી છે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ પરિવારનો 'સ્નેહ મિલન સમારોહ' આગામી તા. ૨૪-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે યોજાશે. આ સ્નેહમિલન સમારોહ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને બોડી ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરાયું છે. તો સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહી લાભ લેવા જણાવાયું છે. સંસ્થા દ્વારા નેચરોપથી-યોગ પ્રેકટીશનર વર્ષાબેન દવે દ્વારા લકુલેશ યોગ યુનિવર્સિટીનો છ માસાનો સર્ટીફીકેટ કોર્ષ-યોગનો ચલાવવામાં આવશે તો સર્વે ઈચ્છુકને જોડાવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આંગણવાડીના બાળકોને ખજૂરનું પોષણ પુરું પાડતું સહયોગ મંડળ

ખજૂરના પેકેટસ સાથે ગરમ ટોપીનું પણ વિતરણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સહયોગ મંડળના સેવાભાવી સ્વયંસેવકોદ્વારા તાલુકા તથા શહેરની આંગણવાડીઓના ૩૦૦ જેટલા કુપોષિત બાળકોને પોષણ મળી રહે તે હેતુથી ખજૂરના પેકેટસનુંવિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ ઉપરાંત બહેચરભાઈ પ્રજાપતિ, ડી.એમ. પરમાર અને રતિભાઈ સુથાર વગેરે જોડાયા હતા.

સહયોગ મંડળ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાથી માંડીને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગાંધીનગર તાલુકા તથા શહેરની આંગણવાડીઓમાં ખજૂરના પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું. તેમાં બોરિજ ગામની ૩, ધોળાકુવાની ૨, જીઈબી કોલોનીની ૨, સે-૨૮, સે-૧૩ ઉપરાંત સ્પેશિયલ ચિલડ્રન્સ હોમના બાળકોનો સમાવેશ થાય છે. સહયોગ મંડળ દ્વારા આ સેવાકાર્યમાં પૌષ્ટિક આહાર માટે ખજૂર ઉપરાંત શિયાળાની કડકડતી ઠંડીમાં હૂંફ મળી રહે તે હેતુથી બાળકોને ગરમ ટોપીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે-૬ ખાતેના ક્રિશ્ના વૃધ્ધાશ્રમના વડિલોને પણ ખજૂરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખજૂર-ટોપી વિતરણના આ સેવાકાર્યમાં આંગણવાડીના સુપરવાઈઝર-નિલમબેન, દક્ષાબેન જોડાયા હતા તેમજ સંસ્થાના અન્ય હોદ્દેદારો જેવા કે દિલીપસિંહ, કિરિટસિંહ વાઘેલા, શૈલેષભાઈ ખરાડી તથા ગિરીશભાઈ પટેલે વાહનની વ્યવસ્થા કરી હતી.

આજે સંસ્કૃતિ સંસ્થાનો સંગીતના અન્નકૂટ સમો કાર્યક્રમ 'એક સે બઢકર એક' યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા હિન્દી ફિલ્મોના અઢાવીસ સદાબહાર સંગીતકારોના ગીતોના રસથાળ સમા કાર્યક્રમ 'એક સે બઢકર એક'નું તા. ૨૨મી ડિસેમ્બર, શુક્રવારના રોજ સે-૧૭માં ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૧૫ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. સંગીતના અન્નકૂટ સમા આ કાર્યક્રમમાં જયોતિ ક્રિશ્ચિયન, વિશ્વનાથ બાટુંગે, પાયલ વૈદ્ય અને દીપક રામી ગીત સંગીત પીરસશે જયારે કાર્યક્રમનું રસપ્રદ અને રોચક સંચાલન સમ્રાટ અશોક દવે દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સંસ્કૃતિ સંસ્થાના તમામ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર ટોપ ઓલ્મ્પિયાડમાં ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

વિજેતાઓને રૂ. ૧૦ લાખ સુધીની સ્કોલરશીપ તથા રૂ. ૧.૫ લાખ સુધીના રોકડ ઈનામો અપાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ટોપ એજયુકેશન કન્સલટન્ટ પ્રા. લિ. દ્વારા શહેરના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓનો 'ગાંધીનગર ટોપ ઓલ્મ્પિયાડ' તા. ૧૭મી ડિસેમ્બરે યોજવામાં આવ્યો હતો. આ ઓલ્મ્પિયાડમાં શહેરની શાળાઓ જેવી કે સેંટ ઝેવિયર્સ, માઉન્ટ કાર્મેલ, સ્કૂલ ઓફ એચિવર, એસ.જી. ઈંગ્લિશ મિડિયમ, હિલવુડ, કેન્દ્રિય વિદ્યાલય, એમ.બી. પટેલ, એસ.એસ.વી. સ્કૂલ તથા ઈન્ફોસીટી સ્કૂલ અને ઈડરની યુનિક યુ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર ટોપ ઓલ્મ્પિયાડમાં વિદ્યાર્થીઓને રૂ. ૧૦ લાખ સુધીની સ્કોલરશીપ, રૂ. ૧.૧૫ લાખ સુધીના રોકડ ઈનામો, રૂ. ૧૧,૧૧૧નું ગ્રાન્ડ પ્રાઈઝ ઉપરાંત વિદ્યાર્થીઓને વિવિધ વિષય મુજબ હાઈએસ્ટ માર્કસ લાવવા પર મેથ્સ જીનીયસ, સાયન્સ જીનીયસ તથા ઈંગ્લિશ જીનીયસ જેવા એવોર્ડસ આપવામાં આવશે. ગાંધીનગર ટોપ ઓલ્મ્પિયાડનું ટોપ એજયુકેશન કન્સલટન્ટ દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ વર્ષની આ સ્પર્ધાનું પરીણામ તા. ૨૭મી ડિસેમ્બરે જાહેર થશે. ઓલ્મ્પિયાડ દરમિયાન ઉપસ્થિત વાલીગણને સંસ્થાના ડાયરેકટર મનીષભાઈ પટેલે આવકારી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

જય અંબે પરિવાર દ્વારા મા જગદંબા પ્રાગટય મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના જય અંબે પરિવાર દ્વારા મા ભગવતી જગદંબાની પાવન કૃપાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટનું આયોજન તા. ૨ જાન્યુઆરીને મંગળવારના રોજ સેકટર-૧૩-બી પ્લોટ નં. ૯૪૬/૧, શકિત ચોક ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જય અંબે પરિવાર દ્વારા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું પણ ખાસ આયોજન કરવામાં આવેલ છે.

જય અંબે પરિવાર દ્વારા આયોજીત મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટ પ્રસંગે તા. ૨જીને મંગળવારને પોષી પૂનમના રોજ સવારે ૮.૦૦ કલાક મા જગદંબા પૂજન પ્રારંભ, ૯ કલાકે અન્નકૂટ અર્પણવિધિ, ૧૦ કલાકે ભકિત વંદના, ૧૦.૩૦ કલાકે થાળ-ગાન, ૧૦.૪૫ કલાકે મહાઆરતી, ૧૧ કલાકે ભોજન પ્રસાદ અને રકતદાન શિબિર, ૨.૦૦ કલાકે ભકિતવંદના સમૂહ સ્વાધ્યાય, ૩ કલાકે આનંદનો ગરબો, આરતી અને સાંજે ૪.૦૦ કલાકે આભાર દર્શનનો કાર્યક્રમ યોજાશે. મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકુટના દર્શન અને વિવિધ રનચાત્મક કાર્યક્રમમાં સહભાગી થવા સૌ ધર્મપ્રેમી જનતાને જય અંબે પરિવાર વતી પ્રમુખ લલિતભાઈ પટેલે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

શહેરની ફૂટપાથો ધુળીયા રસ્તામાં પરિવર્તિત

તંત્રની નિષ્કાળજીથી ફૂટપાથોની થયેલી દુર્દશા, શહેરની આ કિંમતી વિરાસત પ્રત્યે નગરજનો પણ તેટલા જ લાપરવાહ

ગાંધીનગર, તા.૨૧

રાજયનું પાટનગર વિશ્વભરમાં હરિયાળા રળિયામણા શહેર તરીકે પ્રખ્યાત છે. નગરના ભીતરમાં સમાયેલા વિવિધ સ્તોત્ર સુંદરતામાં વધારો કરી રહ્યા છે પરંતુ તંત્રની સમયસરની કાળજી અને અનદેખી આ સુંદરતાને કુરૂપ બનાવી રહી છે. નગરના માર્ગો, વૃક્ષ, બગીચાઓ અને લાંબી ફૂટપાથો નગરને ચાંર ચાંદ લગાવી રહી છે પરંતુ તે પૈકી હાલ ખૂબસૂરત ફૂટપાથો ધૂળથી ભરપૂર બની રસ્તામાં પરિવર્તિત બની છે. જો કે આ સ્થિતિ માટે શહેરના નગરજનોની લાપરવાહી મહદ અંશે જવાબદાર ઠેરવાઈ રહી છે તો બીજી તરફ તંત્ર તરફથી કોઈ જ પગલાં ન લેવાતા આ સ્થિતિનું નિર્માણ થયું હોય તેવું પણ ચર્ચાઈ રહ્યું છે.

ગાંધીનગરની ભૌગોલિક રચના મુજબ મુખ્ય માર્ગોને અડીને ખુબ જ સુંદર ફૂટપાથનું આયોજન થયેલ છે. આ ફૂટપાથો રાહદારીઓ માટે ખુબ રાહત આપનારી સાબિત થઈ છે. પરંતુ આ ફૂટપાથોનો હવે વાહનચાલકો બેફામ રીતે ઉપયોગ કરી રહ્યા છે તેમજ ફૂટપાથ ઉપર વાહન તેમજ અન્ય દબાણો ઉભા કરી તેના મૂળભૂત હેતુને દબાવી દેવાની કોશિષ થઈ રહી છે. વાહનચાલકોની અવરજવર તેમજ ફૂટપાથ નજીકના વ્યવસાયિકો દ્વારા કચરો અને મોટીમાત્રામાં ધૂળ આ ફૂટપાથો ઉપર ફરી વળી છે જે કારણે ફૂટપાથ પ્રથમ દૃષ્ટિએ દેશ્યમાન થતી જ નથી. વળી નજીકના રહેવાસીઓ પોતાના રહેઠાણ તરફ જવા વાહનને આ ટુંકા માર્ગ તરીકે તેના ઉપર હંકારી ફૂટપાથને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે.

હાલમાં વાહનોની આ ફૂટપાથ ઉપર એટલી બધી અવરજવર વધી ગઈ છે કે રાહદારીને ફૂટપાથની બાજુમાં ચાલવાની નોબત આવી છે. તંત્રનું વારંવાર ધ્યાન દોરવા છતાં યોગ્ય કાર્યવાહીનો અભાવ સતત વર્તાયો છે જે શહેરની આ ખૂબસૂરત વિરાસતને ભારે નુકસાન પહોંચાડી રહ્યો છે. જો કે પોલિસ તંત્રએ તાજેતરમાં ફૂટપાથ ઉપર વાહન ચલાવનાર માટે દંડાત્મક કાર્યવાહીની જાહેરાત કરી હતી પરંતુ દેખભાળ ન થતા આ ફૂટપાથ ઉપર બિન્દાસ્ત વાહન હંકારાઈ રહ્યા છે. તંત્ર દ્વારા સત્વરે આ અંગે કડક જોગવાઈ અનિવાર્ય બનવી જરુરી છે.

ચિરવિદાય

- સ્વ. નિલેશકુમાર ભરતભાઈ પટેલ, ઉ.વ. ૩૩
- સ્વ. ગાભાજી ગોપાલજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. મણીબેન વાલજીભાઈ મકવાણા, ઉ.વ. ૮૫
- સ્વ. મંગળાબેન જીવાભાઈ વાઘેલા, ઉ.વ. ૭૦
- સ્વ. વીરચંદભાઈ મોહનભાઈ પરમાર, ઉ.વ. ૫૬
- સ્વ. રબારી અમરતભાઈ કરમશીભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. રાવલ જશુભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૭૨